નવલિકા

# રીમાની રક્ષાબંધન

અમર રીમાના ફોનની રાહ જોતો હતો. રક્ષાબંધન આવે એટલે અમર હંમેશાં રીમાને પૂછતો કે તેને શું ગિફ્ટ જોઈએ છે? અને રીમા હોંશે હોંશે પોતાને ગમતી વસ્તુ જણાવતી અને અમર તે લઈ આપતો

પણ આ વખતની વાત અલગ હતી. હજી છ મહિના પહેલાં જ રીમાના લગ્ન થયાં હતાં. તે સાસરે હતી. આ રક્ષાબંધન તેના લગ્ન પછીની પહેલી રક્ષાબંધન હતી એટલે રીમાને માટે પણ તે ખાસ હતી. જ્યારે અમરની તો વાત જ અલગ હતી. અમર રીમા કરતાં દસ વર્ષે મોટો હતો. તે પોતે એક કોલેજમાં પ્રોફેસર હતો. રીમાનાં ભણતરમાં અને ઘડતરમાં અમરનો વિશેષ ફાળો હતો કેમ કે તે નાની હતી અને પ્રાથમિક શાળામાં જ્યારે અભ્યાસ કરતી હતી ત્યારે તેને હોમવર્ક કરાવવાની જવાબદારી અમરે પોતે લઈ લીધી હતી. ત્યારથી માંડીને તે કોલેજ ભણી રહી અને નોકરીએ લાગી ત્યાં સુધીની બધી જવાબદારી અમરે સંભાળી હતી. પિતા એક સામાન્ય ખેડૂત હતા અને માતા ગૃહિણી. તે બંને શિક્ષણ વિશે ખાસ સભાન નહોતાં. પોતે ખાસ ભણ્યાં નહોતાં પણ સંતાનોને ભણાવવા માંગતાં હતાં. અમર ભણવામાં પહેલેથી જ તેજસ્વી હતો. તે રીમાને ભણવામાં મદદ કરતો અને આથી રીમાને પણ પોતાના ભાઈ માટે ખાસ સન્માન અને અહોભાવની લાગણી હતી. છેલ્લાં દસેક વર્ષથી તો તે રક્ષાબંધન પર પોતાને જોઈતી વસ્તુની ફરમાઈશ કરીને મેળવી લેતી. ફ્રોક, વનપીસ, ગાઉન, મોતીનો સેટ જેવી વસ્તુઓ સાથે તેણે કોલેજમાં આવી તે પહેલાં મોબાઈલ પણ રક્ષાબંધન પર માંગીને મેળવી લીધો હતો. આથી બે દિવસ પર અમરનો ફોન આવ્યો ત્યારે પોતે બે-ત્રણ દિવસમાં શું જોઈએ છે તે જણાવશે એમ કહ્યું હતું અને આજે કદાચ ફોન આવશે તો... અને તેની ધારણા સાચી પડી. ફોનની રીંગ વાગી. ફોન ઉપાડીને તેણે કહ્યું, ''હેલો... અમરભાઈ...''

''રીમા, તું કેમ છે બેન? પછી રક્ષાબંધનને આગલે દિવસે તું આવી જશે ને?''

''અમરભાઈ, મારી એવી જ ઈચ્છા હતી પણ મારાં નણંદ લીનાબેન આગલે દિવસે આવીને એમને રાખડી બાંધવાનાં છે એટલે હું રક્ષાબંધનને દિવસે જ આવીશ.''

''પણ...''

''પણ અમરભાઈ, પછી હું અઠવાડિયું રહેવાની છું એટલે...''

''અચ્છા તો તો બહુ સારું પણ પછી તે મને જણાવ્યું નહિ કે તારા માટે શું લાવું?''

''અમરભાઈ, હું તમને થોડી વાર પછી ફોન કરું? જરા ડોરબેલ વાગે છે. કોઈ આવ્યું લાગે છે.''

''ઓ.કે. ઓ.કે. પણ પછી ફોન કરી દેજે.

''ચોક્કસ.. ચોક્કસ..'' કહી તેણે ફોન મૂકી દીધો. થોડી વાર પછી ફોન તો ન આવ્યો પણ થોડા દિવસ પછી રક્ષાબંધનનો દિવસ આવી ગયો તો પણ રીમાનો ફોન ન આવ્યો. અમરને થયું, સાસરે જઈને છોકરીઓ કેટલી બદલાઈ જાય છે! ગઈકાલ સુધી જે રીમા પોતાનાં ભાઈ-ભાભીની આજુબાજુ ફર્યા કરતી હતી, કોલેજની, નોકરીની વાતો કરતી હતી, નાની-મોટી બાબતોમાં સલાહ માંગતી હતી તે હવે... જીવનને પોતાની જાતે હેંડલ કરતી થઈ ગઈ છે. તેને હવે પોતાની ખાસ જરૂર નથી રહી એટલે ફોન પણ કરતી નથી.

સવારથી જ ન્હાઈધોઈને અમર તૈયાર થઈને રીમાની રાહ જોતો હતો. દસ વાગતામાં તો રૂમઝૂમ કરતી સાડીમાં સજ્જ એવી રીમા આવીને સૌ પ્રથમ અમરને પગે લાગી. તેને આવેલી જોઈને રસોડામાંથી માતા લક્ષ્મીબેન અને સુશીલાભાભી બહાર આવ્યાં.

''આવો આવો રીમાબેન કેમ એકલાં?''

''ના, અમે બંને આવ્યાં છીએ. તે ગાડી પાર્ક કરીને આવતા જ હશે.'' તે જ વખતે રોહિત પણ આવી ગયો.

''આવો આવો રોહિતકુમાર! આજે તો તમારે રજા હશે'' અમરે પૂછ્યું. રોહિતનો પોતાનો બિઝનેસ હતો.

''હા, આજે સ્ટાફને રજા આપવી પડે એટલે રજા પાડી છે.''

''ચાલો તો રીમાબેન, પહેલાં રાખડી બાંધી દો'' કહેતાં ભાભીએ કંકુ અને ચોખાની પ્લેટ રીમા સામે ધરી. રીમાએ તે લઈને અમર પાસે જઈ તેને કંકુ અને ચોખાનુંય તિલક કર્યું અને રાખડી બાંધી દીધી. અમરે તેની સામે એક પેકેટ ધરતાં કહ્યું, ''લે આ ડ્રેસ મટીરિયલ તારા માટે હું લાવ્યો છું. તે તો આ વખતે મેં પૂછ્યું તો પણ તારે શું જોઈએ છે તે જણાવ્યું જ નહિ.'' તેમના અવાજમાં નારાજગી વર્તાતી હતી.

''અરે અમરભાઈ, નારાજ શું કામ થાવ છો? તમારી ભેટ તો હું લેવાની જ છું પણ મારે જોઈતી વસ્તુની માંગણી તો બાકી જ છે.''

'' તું કંઈ કહે તો સમજ પડે, મને તો લાગ્યું કે હવે તારે કંઈ માંગવું નથી એટલે જ તારો ફોન આવ્યો જ નહિ.''

''અરે હોય કંઈ, માંગવાનું તો નક્કી જ હતું પણ તમને મળીને જ માંગી શકાય એવું હતું.''

અમરની આંખ ઝીણી થઈ ગઈ, ''તું શું માંગવાની છે?''

''અમરભાઈ, તમે આપી શકો એમ છો. તમને સિગારેટ પીતા હું વર્ષોથી જોઉં છું. મને ઘણી વાર તમને કહેવાનું મન થતું પણ હિંમત નહોતી ચાલતી પણ આજે હું માંગું છું. તમે સિગારેટ છોડી દો. ઘરનાં બધાં જ એ ઈચ્છે છે. લગ્ન પછીની મારી આ પહેલી રક્ષાબંધન છે. આપી શકો તો મને વચન આપો, આજથી તમે સિગારેટ નહીં પીઓ.''

અમર અને ઘરનાં બધાં જ ચમકી ગયાં. અમરે રીમા સામે જોયું, તેના ચહેરા પર આશા, અપેક્ષા અને તેના તરફનો પ્રેમ છલકાતો હતો. વર્ષોનું સિગારેટનું વળગણ તેને તુચ્છ લાગ્યું. રીમાના માથા પર હાથ મૂકીને તેણે કહ્યું.

''આજથી સિગારેટ બંધ.'' રીમા વહાલથી ભાઈને ભેટી પડી.

- વીણા ચૈતન્ય ઉપાધ્યાય





સાસરે જઈને છોકરીઓ કેટલી બદલાઈ જાય છે! ગઈકાલ સુધી જે રીમા પોતાનાં ભાઈ-ભાભીની આજુબાજુ ફર્યાં કરતી હતી, કોલેજની, નોકરીની વાતો કરતી હતી, નાની-મોટી બાબતોમાં સલાહ માંગતી હતી તે હવે... જીવનને પોતાની જાતે હેંડલ કરતી થઈ ગઈ છે. તેને હવે પોતાની ખાસ જરૂર નથી રહી એટલે ફોન પણ કરતી નથી